સવાલ સાથે જવાબ પેપર

# વાર્ષિક પરીક્ષા મહિલામંડળ નું પેપર

તા. ૦૭-૦૧-૨૦૧૮ • સમય: સવારે ૯ થી ૧૨ • શ્રેણી: **૧૬** • ગુણ: ૧૦૦

**Dharmik Shikshan Board Certificate Course Level : 1**

**પ્ર.:૧ ઉત્તરાધ્યયન સૂત્ર, દસ વૈકાલિક સૂત્રના આધારે જવાબ લખો : ૪૦**

**ક) નીચેના વાક્યો જે ગાથામાંથી લેવાયા હોય તે માત્ર ગાથા લખો. (૧૦)**

૧) પૂંજ્યા વિના પડખું ફેરવવાથી જીવ કેવાં પરિણામ ભોગવે છે ?

**જ:** ૧) અજયં સયમાણો ય, પાણ ભૂયાઈ હિંસઈ ।
બંધઈ પાવયં કમ્મં, તં સે હોઈ કડુયં ફલં ।।

૨) જ્ઞાનનો મહિમા બતાવતી ગાથા લખો.

**જ:** ૨) પઢમં નાણં તઓ દયા, અવં ચિટ્ઠઈ સવ્વ સંજએ ।
અન્નાણી કિં કાહી, કિં વા નાહી સેયપાવગં ।।

૩) ''અમે ક્યારેય ચ્યવશું નહી'' એમ માને છે.

**જ:** ૩) વિસાલિસેહિં સીલેહિં, જંક્ખા ઉત્તર ઉત્તરા ।
મહાસુક્કા વ દિપ્પન્ના, મણ્ણંતા અપુણચ્ચવં

૪) પૂર્વભવમાં વિશુદ્ધ આરાધના કરેલ જીવ નિર્મળ બોધિને પ્રાપ્ત કરે છે.

**જ:** ૪) ભોચ્ચા માણુસ્સએ ભોએ, અપ્પડિરૂ વે અહાઉયં ।
પુવ્વિં વિસુધ્ધ સધ્ધમે, કેવલં બોહિ બુજ્ઝિયા ।।

૫) સરળ મતિવાળા, ૨૨ પરિષહને સહન કરનાર સુગતિ પ્રાપ્ત કરે છે.

**જ:** ૫) તવોગુણપહાણસ્સ, ઉજ્જુમઈ ખંતિ સંજમ રયસ્સ ।
પરિસહે જિણંતરસ, સુલહા સુગઈ તારિસગસ્સ ।।

**ખ) નીચેની ગાથા પૂર્ણ કરી ભાવાર્થ લખો. (કોઇ પણ સાત) (૨૧)**

૧) ચઉરંગ દુલ્લહં.......... સાસએ

**જ:** ૧) ચઉરંગ દુલ્લહં નચ્ચા, સંજમં પડિવજ્જિયા ।
તવસા ધુય કમ્મંસે, સિધ્ધે હવઈ સાસએ ।।
ભાવાર્થ : દુર્લભ એવા ચાર અંગોને પ્રાપ્ત કરી સંયમને સ્વીકારી તપસ્યા દ્વારા, પૂર્વ કર્મનો નાશ કરી અંતમાં કર્મરહિત થઈ તે જીવ શાશ્વત સિધ્ધિ મોક્ષને પ્રાપ્ત કરે છે તે હું કહું છુ.

૨) જો જીવેવિ .......... સંજમં

**જ:** ૨) જો જીવેવિ વિયાણેઈ, અજીવે વિ વિયાણેઈ ।
જીવાજીવે વિયાણંતો, સો હું નાહીઈ સંજમં ।।
ભાવાર્થ : જે જીવને વિશેષપણે જાણે છે, જે અજીવના સ્વરૂપને વિશેષપણ જાણે છે, આમ જીવ - અજીવ બન્નેના સ્વરૂપને જાણવાવાળો તે સાધક જ નિશ્ચયથી સંયમના સ્વરૂપને જાણી શકે છે.

૩) તત્થ ઠિચ્ચા .......... અભિજાયઈ

**જ:** ૩) તત્થ ઠિચ્ચા જહાઠાણં, જક્ખા આઉક્ખએ ચુયા ।
ઉવેંતિ માણુસં જોણિં, સેદસંગે અભિજાયઈ ।।
ભાવાર્થ : તે દેવ ત્યાં દેવલોકમાં પોતપોતાના સ્થાને રહીને આયુષ્યનો ક્ષય થવાથી ત્યાંથી ચ્યવીને મનુષ્યયોનિને પ્રાપ્ત કરે છે ત્યાં તેને દશ અંગોની પ્રાપ્તિ થાય છે.

૪) સુઈ ચ .......... પડિવજ્જઈ

**જ:** ૪) **સુઈ ચ લધ્ધું સદ્‌ધં ચ, વીરિયં પુણ દુલ્લહં ।**
બહવે રોયમાણા વિ, નો યણં પડિવજ્જઈ ।।
ભાવાર્થ : મનુષ્ય જન્મ, ધર્મશ્રવણની પ્રાપ્તિ અને ધર્મની શ્રધ્ધા થયા પછી પણ સંયમમાં પરાક્રમ ફોરવવું ઘણું દુર્લભ છે. કારણ કે ઘણા જીવો ધર્મરૂચિ થવા છતાં તે પ્રમાણે આચરણ કરી શકતા નથી.

૫) જયા સંવર .......... કડં

**જ:** ૫) **જયા સંવર મુક્કિટ્ઠં, ધમ્મં ફાસે અણુત્તરં ।**
તથા ધુણઈ કમ્મરયં, અબોહિકલુસં કડં ।।
ભાવાર્થ : જયારે આત્મા ઉત્કૃષ્ટ અને સર્વશ્રેષ્ઠ સંવર ધર્મને પ્રાપ્ત કરે છે ત્યારે મિથ્યાત્વ આદિ પાપો દ્વારા ઉપાર્જિત કર્મરૂપી રજનો નાશ કરે છે.

૬) જો જીવે વિ ન .......... સંજમં

**જ:** ૬) **જો જીવે વિ ન યાણેઈ, અજીવે વિ ન યાણેઈ ।**
જીવાજીવે અયાણંતો, કહં સો નીહીઈ સંજમં ।।
ભાવાર્થ : જે જીવને પણ નથી જણતો, જે અજીવને પણ નથી જાણતો તે જીવ અજીવ બંને ને નથી જાણતો, આ પ્રકારે જીવ - અજીવના સ્વરૂપને ન જાણવાવાળો સંયમને કેવી રીતે જાણશે ? અર્થાત નહીં જાણી શકે.

૭) પચ્છા વિ તે .......... બંભચેરં ય

**જ:** ૭) **પચ્છા વિ તે પયાયા, ખિપ્પં ગચ્છંતિ અમરભવણાઈ ।**
જેસિં પિઓ તપો સંજમો ય, ખંતી ય બંભચેરં ય ।।
ભાવાર્થ : જેઓને તપ સંયમ, ક્ષમા અને બ્રહ્મચર્ય પ્રિય છે તેઓ પાછલી વયમાં પણ ચડતાં પરિણામે દિક્ષા અંગીકાર કરે તો પણ તે શીઘ્ર સ્વર્ગ અથવા મોક્ષને પ્રાપ્ત કરે છે.

૮) કમ્મ સંગેહિં .......... પાણિણો.

**જ:** ૮) **કમ્મ સંગેહિં સમ્મૂઢા, દુક્ખિયા બહુ - વેયણા ।**
આમાણુસાસુ જોણીસુ, વિણિહમ્મન્તિ પાણિણો ।।
ભાવાર્થ : કર્મના સંયોગે કરી મૂઢ બનેલો દુઃખી જીવ, મનુષ્યયોની સિવાય અન્ય નરક, તિર્યંચ આદિ યોનિઓમાં અતિશય દારૂણ વેદના અને અનેક પ્રકારના દુઃખોને ભોગવે છે.

**ગ) નીચેના શબ્દોના માગધી લખો. (કોઈ પણ પાંચ) (૫)**

**જવાબ**

| | | | |
|---|---|---|---|
| ૧) | પછી | - | તઓ |
| ૨) | ભમવા છતાં | - | આવર્ત |
| ૩) | રૂંધિને | - | નિરૂંભિત્તા |
| ૪) | બેસે | - | આસે |
| ૫) | દીક્ષા લે | - | પયાયા |
| ૬) | ત્યાગ કરી | - | હિચ્ચા |

**ઘ) નીચેના શબ્દોના અર્થ લખો (કોઈ પણ આઠ)** **(૪)**

**જવાબ**

| | | | |
|---|---|---|---|
| ૧) | રોયમાણા | - | રૂચિ થવી |
| ૨) | કિવ્વીસા | - | કલુષિત, મલિન |
| ૩) | વિગ્ગહં | - | શરીર |
| ૪) | ઇચ્ચેયં | - | આ પ્રમાણે |
| ૫) | પયા | - | જીવો |
| ૬) | બુક્કસો | - | વર્ણસંકર |
| ૭) | ઉજ્જુમઈ | - | સરળ મતિ |
| ૮) | કપ્પેસુ | - | કલ્પ ના દેવલોકમાં |
| ૯) | હોઈ | - | થાય છે |

**પ્ર. : ૨ ૯૮ બોલના અલ્પબહુત્વને આધારે લખો.** **૩૦**

**ક) ફક્ત અલ્પબહુત્વ લખો.** **(૧૨)**

૧) પહેલા દેવલોકના દેવ, પહેલા દેવલોકની દેવી, ભવનપતિ દેવ, ભવનપતિ દેવી.

**જ:** ૧) સર્વથી થોડા પહેલા દેવલોકના દેવ
તેથી પહેલા દેવલોકની દેવી સંખ્યાત ગુણા
તેથી ભવનપતિ દેવ અસંખ્યાત ગુણા
તથી ભવનપતિ દેવી સંખ્યાત ગુણી

૨) બાદર નિગોદ અપર્યાપ્તા (શરીર), સૂક્ષ્મ નિગોદ અપર્યાપ્તા (શરીર), સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તા (શરીર), અભવ્ય જીવ.

**જ:** ૨) સર્વથી થોડા બાદર નિગોદ અપર્યાપ્તા (શરીર)
તેથી સૂક્ષ્મ નિગોદ અપર્યાપ્તા (શરીર) અસંખ્યાત ગુણા
તેથી સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તા (શરીર) સંખ્યાત ગુણા
તેથી અભવ્ય જીવ અનંતગુણા

૩) બાદર જીવ પર્યાપ્તા, બાદર જીવ અપર્યાપ્તા, સૂક્ષ્મ વનસ્પતિ અપર્યાપ્તા, સૂક્ષ્મ જીવ અપર્યાપ્તા.

**જ:** ૩) સર્વથી થોડા બાદર જીવ પર્યાપ્તા
તેથી બાદર જીવ અપર્યાપ્તા વિશેષાધિક
તેથી સૂક્ષ્મ વનસ્પતિ અપર્યાપ્તા અસંખ્યાત ગુણા
તેથી સૂક્ષ્મ જીવ અપર્યાપ્તા વિશેષાધિક

૪) મનુષ્યાણી, બાદર તેઉકાય પર્યાપ્તા, બારમા દેવલોકના દેવ, સાતમી નરકના નારકી

**જ:** ૪) સર્વથી થોડી મનુષ્યાણી
તેથી બાદર તેઉકાયના પર્યાપ્તા અસંખ્યાત ગુણા
તેથી બારમાં દેવલોકના દેવ સંખ્યાત ગુણા
તેથી સાતમી નરકના નારકી અસંખ્યાત ગુણા.

**જ: ખ) નીચેના બોલનો બાંસઠિયો કોઠો બનાવીને લખો. (માત્ર સંખ્યા) (૧૦)**

**સાથે**

| | | જીવના ભેદ | ગુણસ્થાન | યોગ | ઉપયોગ | લેશ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧) | સકષાયી | ૧૪ | ૧૦ | ૧૫ | ૧૦ | ૬ |
| ૨) | પંચેન્દ્રિય પર્યાપ્તા | ૨ | ૧૨ | ૧૪ | ૧૦ | ૬ |
| ૩) | વાણવ્યંતર દેવ | ૩ | ૪ | ૧૧ | ૯ | ૪ |
| ૪) | તમ:તમ: પ્રભાના નારકી | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ |
| ૫) | સ્ત્રીવેદી માછલી | ૨ | ૫ | ૧૩ | ૯ | ૬ |
| ૬) | અપર્યાપ્ત કીડી | ૧ | ૨ | ૩ | ૫ | ૩ |
| ૭) | બાદર તેઉકાય પર્યાપ્તા | ૧ | ૧ | ૧ | ૩ | ૩ |
| ૮) | અભવ્ય જીવ | ૧૪ | ૧ | ૧૩ | ૬ | ૬ |
| ૯) | સમુચ્ચય સૂક્ષ્મ જીવ | ૨ | ૧ | ૩ | ૩ | ૩ |
| ૧૦) | તિર્યંચ યોનિના જીવ | ૧૪ | ૫ | ૧૩ | ૯ | ૬ |

**ગ) નીચેના પ્રશ્નોના જવાબ લવો : (૮)**

૧) ભવનપતિ દેવમાં જીવના ભેદ કેટલા ? કયા કયા ?

**જ:** ૧) જીવના ભેદ-૩ સંજ્ઞી પંચેન્દ્રિયનો અપર્યાપ્તો, સંજ્ઞી પંચેન્દ્રિયનો પર્યાપ્તો, અસંજ્ઞી તિ. પંચેન્દ્રિયનો અપર્યાપ્તા

૨) યોગ કેટલા ? ખેચર પુરુષ તિર્યંચ યોનિમાં કયા યોગ ન હોય ?

**જ:** ૨) યોગ-૧૫ તેમાંથી આહારકના બે યોગ ખેચર તિ ને ન હોય.

૩) પાંચ સ્થાવર જીવોમાં સૌથી ઓછા કયા જીવો હોય ? શા માટે ?

**જ:** ૩) બાદર તેઉકાયના પર્યાપ્તા કારણકે તેઓ માત્ર મનુષ્ય ક્ષેત્રમાં જ છે અને તેમનું આયુષ્ય પણ ઓછું છે.

૪) અભવી જીવો અને સિધ્ધના જીવોમાં જીવોમાં કોની સંખ્યા વધુ ? કેટલી વધુ ?

**જ:** ૪) સિધ્ધના જીવો અભવી કરતા અનંતગુણા વધુ છે.

૫) બાદર જીવ પર્યાપ્તામાં જીવના ભેદ કયા કયા ?

**જ:** ૫) જીવના ભેદ-૫ બાદર એકેન્દ્રિયથી પંચેન્દ્રિયના પર્યાપ્તા

૬) સંમૂર્ચ્છિમ મનુષ્યમાં ઉપયોગ કેટલા ? કયા કયા ?

**જ:** ૬) ઉપયોગ-૪ બે અજ્ઞાન + ૨ દર્શન (અચક્ષુદર્શન, ચક્ષુદર્શન)

૭) ધુમ્રપ્રભા નરકમાં લેશ્યા કઈ ?

**જ:** ૭) કૃષ્ણ અને નીલ લેશ્યા.

૮) પંચેન્દ્રિયના અપર્યાપ્તામાં ગુણસ્થાનક કેટલા ? કયા કયા ?

**જ:** ૮) ૩ ગુણસ્થાનક, ૧, ૨, ૪ ગુણસ્થાનક

**પ્ર.: ૩ સામાયિક અને પ્રતિક્રમણના આધારે જવાબ લવો : ૧૫**

**ક)** ૧) ૬૩ શલાકા પુરુષમાં કોણ દીક્ષા લે અને કોણ ન લે ? **(૨)**

**જ:** ૧) તીર્થંકર અને બળદેવ નિયમા દીક્ષા લે. વાસુદેવ નિયમા દીક્ષા ન લે. ચક્રવર્તીમા દીક્ષાની ભજના.

૨) ગણધર કોને કહેવાય ? તેને કેટલા જ્ઞાન હોય ? કેટલા ગુણ હોય ? તેઓ હાલ કયાં બિરાજે છે ? **(૨)**

**જ:** ૨) તીર્થંકરના મુખ્ય, દ્વાદશાંગી સૂત્રની રચના કરનાર શિષ્યને ગણધર કહે છે. તેને ૧૪ પૂર્વનુ જ્ઞાન હોય. ૫૨ ગુણ હોય, હાલ તેઓ મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે.

૩) સાધુની ઉંમર કેટલી ? અવગાહના કેટલી ? **(૨)**

**જ:** ૩) ઉંમર જઘ-૯ વર્ષ જઘ-૨ હાથ અવગાહ ઉત્કૃષ્ટ-ક્રોડ પૂર્વ ઉત્કૃષ્ટ-૫૦૦ ધનુષ અવગાહ

૪) નીચેના શબ્દના અર્થ લખો : **(૨)**

**જવાબ**

| | | | |
|---|---|---|---|
| ૧) | અન્નત્થણાભોગેણં | – | ઇચ્છા કે ઉપયોગ વિના મુખમાં કોઈ વસ્તુ આવી જાય . |
| ૨) | સહસ્સાગારેણં | – | અચાનક કોઈ જીવ મુખમાં આવી જાય |
| ૩) | મહત્તરાગારેણં | – | વડિલ કે ગુરુની આજ્ઞાથી સમય પહેલાં આહાર કરે |
| ૪) | સવ્વ સમાહિવતિયાગારેણં | – | શરીરની સમાધિ રહે ત્યાં સુધી |

૫) પાઠ પૂર્તિ કરો : **(૩)**

મહાવીર .......... કેવલીયં .

**જ:** મહાવીર પજ્જવસાણાણં, ઇણેવ, નિગ્ગથં, પાવયણં, સચ્ચં અણુત્તરં કેવલીયં

૬) પહેલા શ્રમણ સૂત્રનું નામ શું છે ? તે ક્યારે કરાય ? **(૧)**

**જ:** ૬) શય્યા સૂત્ર . નિદ્રામાંથી જાગીને (૧૦ મું વ્રત, પોષધ કરીએ ત્યારે)

૭) નીચેના આંકડા કોના માટે બંધબેસતા છે તે લખો . **(૩)**

**જવાબ**

| | | | |
|---|---|---|---|
| ૧) | ૨૦ | – | અસમાધિના સ્થાન, અથવા જઘ તીર્થંકર વિહરમાન |
| ૨) | ૩૧૮ | – | ૯ ગ્રૈવેયદના વિમાનની કુલ સંખ્યા |
| ૩) | ૮૨ | – | બોલનું પ્રતિક્રમણ |
| ૪) | ૨૬ લાખ | – | પંચેન્દ્રિયની જીવાયોની |
| ૫) | ૧૧૦ | – | જ્યાતિષીના વિમાન આટલા ક્ષેત્રમાં વિસ્તરેલા છે |
| ૬) | ૧૭૦ | – | ઉત્કૃષ્ટ તીર્થંકર |

**પ્ર.: ૪ ભક્તામરના આધારે જવાબ લખો : ૧૫**

**ક) નીચેની ગાથા પૂર્ણ કરી ભાવાર્થ લખો. (૧૨)**

૧) શ્ચોતન્ મદાવિલ .......... ભવદાશ્રિતાનામ

**જ:** ૧)

૨) આપાદ કંઠ .......... ભવન્તિ

**જ:** ૨)

૩) વલ્ગતુરંગ .......... ભિદામુપૈતિ .

**જ:** ૩)

(જવાબ પાઠાવલીમાં જોઈ લેવા)

**ખ) નીચેના પ્રશ્નોના જવાબ લખો : (૩)**

૧) શ્રી માનતુંગસૂરીએ આ સ્તોત્રમાં કેટલા ભયની વાત કરી છે ?
તેમાંથી ૨, ૪, ૬ઠ્ઠો ભય લખો .

**જ:** ૧) ભય-૭ છે . સિંહ, સાપ, સમુદ્ર .

૨) લક્ષ્મી વિવશ થઈને કોની સમીપે જાય છે ?

**જ:** ૨) જે મનુષ્ય આ સ્ત્રોત્ર રૂપી માળાનેનિરંતર કંઠમાં ધારણ કરે છે તેની પાસે .

૩) સિંહ કોના પર આક્રમણ કરતો નથી ?

**જ:** ૩) પ્રભુના ચરણ-કમળ રૂપી પર્વતનો આશ્રય લેનાર પર આક્રમણ કરતો નથી .

**અથવા**

**પ્ર.: ૪ વાર્તાને આધારે જવાબ લખો : ૧૫**

**ક)** ૧) સોમદત્ત પુરોહિતે દ્વેષને કારણે મુનિને શું કહ્યું ? **(૨)**
સોમદત્ત મુનિએ દીક્ષા પછી શું ભૂલ કરી ?

**જ:** ૧) સોમદત્ત બ્રાહ્મણે મુનિ પ્રત્યેના દ્વેષને કારણ ગરમ રસ્તો દેખાડયો, સોમદત્ત મુનિએ દીક્ષા લીધા પછી પણ જાતિ અને દુખનો અહંકાર કર્યો

૨) તપસ્વી મુનિએ આહાર વહોર્યો ત્યારે દેવે શું કર્યું ? **(૨)**

**જ:** ૨) પંચવૃષ્ટિ કરી ૧) જળ, ૨) પુષ્પ, ૩) દિવ્ય ધનનો વરસાદ કયો, ૪) દુંદુભિઓ વગાડી, ૫) અહોદાનની ધ્વનિકરી.

૩) વ્યક્તિની ઉચ્ચતા અને નીચતાનો આધાર કોના પર છે ? કોના પર નથી ? **(૨)**

**જ:** ૩) જાતિ અને કૂળ પર નહી. પરંતુ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને સંયમ પર છે.

૪) સોમદત્ત મુનિના જીવે દેવભવ પૂર્ણ કરી કયાં જન્મ લીધો ? **(૨)**
ત્યાં તેનું તથા તેની માતાનું નામ શું હતું ?

**જ:** ૪) સોમદત્ત મુનિના જીવે દેવભવ પૂર્ણ કરી મૃતગંગાને કિનારે બલકોટ્ટની ચાંડાલ પત્નિ ગૌરીના ગર્ભમાં જન્મ લીધો. માતાનું નામ ગૌરી અને તેનું નામ બલ હતું.

૫) ક્રોધિત થયેલા યક્ષે બ્રાહ્મણ કુમારની દશા કેવી કરી ? **(૨)**

**જ:** ૫) બ્રાહ્મણ કુમારોના માથા પીઠ તરફ નમી ગયા. હાથ પહોળા થઈ ગયા, તેઓ બેભાન થઈ ગયા, આંખ ફાટી ગઈ. લોહીની ઉલટી થવા લાગી, મોઢા ઉપર થઈ ગયા, જીભ અને આંખો બહાર આવી ગઈ.

**ખ) કોણ બોલે છે. કોને કહે છે ? (૩)**

૧) આપની પુત્રી સાથે મારે કંઈ સંબંધ નથી ?

**જ:** ૧) હરિકેશી મુનિ રાજાને કહે છે.

૨) ચલ હટી જા અહીંથી, અહીં કેમ ઊભો છે ?

**જ:** ૨) બ્રાહ્મણ કુમારો મુનિને કહે છે.

૩) હે યક્ષપૂજિત સંજય ! શ્રેષ્ઠ યજ્ઞ કેવી રીતે કરવો જોઈએ ?

**જ:** ૩ રૂદ્રદેવે મુનિને કહ્યું

**ગ) ખાલી જગ્યા પૂરો : (૨)**

.......... ના મેલ રહિત, પ્રશસ્ત .......... પ્રાપ્ત કરાવનાર ધર્મ મારું .......... છે. બ્રહ્મચર્ય .......... છે.

**જ:** મિથ્યાત્વના મેલ રહિત, પ્રશસ્ત લેશ્યાઓ પ્રાપ્ત કરાવનાર ધર્મ મારું જળાશય છે. બ્રહ્મચર્ય શાંતિતીર્થ છે.

|| જય જિનેન્દ્ર ||